

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*મન વગર દોરેલું ચિત્ર લસરકા લાગે છે,*
*પરાણે પ્રવૃત્તિના શરીરે ઘસરકા લાગે છે,*
*ભસવા લાગે છે કૂતરાં કારણ સમજ્યા વિના -*
*લાગણી વિનાની સેવા પણ ઢસરડા લાગે છે.*

**હાઈકુ**

*સમજી લેજો*
*જીવનનો હેતુ છે*
*સેવા ને પ્રેમ*
*(જિંદગી સાર્થક કરો)*

*સૂઝેલું નહીં*
*થોબડાની શોભા તો*
*સ્મિતમાં જ છે*
*(હૃદયમાં શીખો)*

### ચિંતન

**સશરીરં ઈદં વિશ્વ ન કિંચિત્ ઈતિ નિશ્ચિતમ્ ।**
**શુદ્ધ ચિન્માત્ર આત્મા ચ તત્ કસ્મિન્ કલ્પના અધુના ॥**

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વિશ્વનું કાંઈ અસ્તિત્વ જ નથી એમ ખાતરીપૂર્વક જાણી લેવાની વાત છે, ને એમાં પોતાનું શરીર પણ આવી ગયું. આપણે અનુભવી ચૂક્યા છીએ કે જે કાંઈ છે તે મનની પરિકલ્પના જ છે. માનસિક પ્રક્ષેપણ જ છે. મનની ભાવના શુભ અને શુદ્ધ હશે તો થાળીમાં ભરેલું પાણી પણ ગંગાજળ જ છે. ને મન જો કલુષિત હશે તો ગંગાકિનારે બેઠા હોવા છતાં ગંગાજળથી વંચિત જ રહેવાના છે. દેહ સહિત આખું વિશ્વ કાંઈ છે જ નહીં. આમ જાણવાથી કોઈ દ્વેષભાવ પણ રહેતો નથી. કારણ કે જ્યાં સુધી મન છે ત્યાં સુધી સંસાર છે, ત્યાં સુધી બધાં દ્વૈત પણ છે... તેથી વિશ્વ ન હોય તો દ્વૈત પણ ન હોય, દ્વૈત નથી ત્યાં દુઃખ પણ નતી જો કાંઈ નથી તો છે શું ? એક માત્ર આત્મતત્ત્વ !

### સુવિચાર

- કોઈ અપશબ્દ કહે તો ચૂપ રહો. કોઈ તમાચો મારે તોય ચૂપ રહો, પણ જયારે કોઈ પડકાર ફેંકે ત્યારે તેનો પૂરેપૂરો સામનો કરો - **ટોલ્સટોય**
- યુવાનીમાં જ એવું શિક્ષણ મેળવી લેવું જેથી શરીર આપણી ઈચ્છા શક્તુનું ચૂસ્ત પાલન કરનાર બંને - **આલ્બર્ટ હસકલે**
- તમે તમારી જાતને પૂછો કે તમે આ સફળથા પરિશ્રમ ઉઠાવીને મેળવી છે ? સળંગ વીસ વર્ષોથી હું માત્ર પાંચ કલાક જ સૂતો છું - **હેન્રી ફોર્ડ**
- નિકૃષ્ઠ દલીલબાજી માણસ પોતાના આત્માના ન્યાયાલયમાં કરતો હોય છે - **જીવન પાથેય**
- પૈસાની ગરીબી કષ્ટ આપે તો પણ આવકારદાયક છે, જયારે પૈસાની અમારી સુખ આપે તો પણ આવકારદાયક નથી - **અખંડ આનંદ**
- દૂરદર્શિતા અને આત્મસંયમ જ બુદ્ધિમતાના મૂળભૂથ આધાર છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : નારિયેળના પાણી સાથે મધ મેળવી ફ્રીઝરમાં બરફ બનાવી તે બરફને ચહેરા પર ઘશવાથી ત્વચામાં તાજગી અને નિખાર આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત જ્ઞાનેશ્વર બાળવયે જ અનાથ થયા હતા. પરંતુ હિમ્મત હાર્યા વિના ભગવાન શ્રીકૃષ્ણની અનુપમ ઉપાસના કરી વિરલ દિક્ષા પામ્યા હતા. એમના ચમત્કારો પંઢરપુરની આસપાસ હજી ચર્ચામાં રહ્યા છે. માત્ર પંદર વર્ષની ઉંમરે તેઓ કૃષ્ણના પરમ ભક્ત તરીકે ચાહના પામ્યા હતા.

પંઢરપુરમાં ચાંગદેવ એક પ્રખર સિદ્ધાત્મા રહેતા હતા. તેઓ પરમ શિવભક્ત હતા. તેઓની પાસે પાણી પર ચાલી શકવાની સિદ્ધિ હતી. આટલી મહાન સાધનાનું સામર્થ્ય ધરાવતા ચાંગદેવની એક ખામી પણ હતી. તેઓ અભિમાની હતા. સંત જ્ઞાનેશ્વરને પોતાની તાંત્રિક વિદ્યાથી પરાસ્ત કરવાની એમને ઈચ્છા જાગી હતી. એકવાર તેઓ સિંહ પર સવાર થઈ, હાથમાં સાપની ચાબુક બનાવી પોતાના શિષ્યો સાથે જ્ઞાનેશ્વરને મળવા નીકળ્યા. આ સમયે સંત-જ્ઞાનેશ્વર ઘરની વંડી ઉપર બેઠા હતા. એ વંડીને જ્ઞાનેશ્વરે આગળ ચાલવાનો આદેશ આપ્યો અને વંડી ખરેખર આગળ ચાલવા માંડી. વંડીને ચાલતી જોઈ ચાંગદેવ દિગ્મૂઢ બની ગયા. એ જ ક્ષણે એમના ગર્વનું ખંડન થઈ ગયું. ચાંગદેવ સંત જ્ઞાનેશ્વરના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા. એમનું અભિમાન ઓગળી ગયું અને એમનામાં નિરાભિમાની સ્વભાવનો ઉદય થયો.

# ભારત-અમેરિકાની મૈત્રી જરૂરી છે

**તંત્રીસ્થાનેથી...**

નહેરુ યુગમાં આઝાદ ભારત બે મહાસત્તાઓથી સલામત અંતર જાળવતું હતું છતાં એની રશિયા સાથેની નિકટતા અવારનવાર થતા શસ્ત્ર સોદાઓમાં દેખાઈ આવતી હતી. અમેરિકા વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી ખરી પરંતુ ધરાર મૂડીવાદી રાષ્ટ્ર. ભારત સમાજવાદી અભિગમને કારણે સામ્યવાદી રશિયા (તત્કાલીન 'યુ એસ એસ આર' - સોવિયેત રશિયા) તરફ સદ્ભાવ ધરાવતું હતું. જે કે જયારે ખરી મુસીબત સરજાઈ ત્યારે નહેરુના અમેરિકન રાષ્ટ્રપતિ કેનેડી સાથેના અંગત સંબંધોએ રંગ રાખ્યો હતો. એમણે એમનો દંતકથા રુપ સાતમો નૌકા કાફલો રવાના કરતાં જ ચીની ડ્રેગનના હાંજા ગગડી ગયા હતા. પાકિસ્તાન પર ૧૯૬૫ના ઐતિહાસિક સંગ્રામમાં મળેલ વિજય પછી રશિયાએ મધ્યસ્થી કરી હતી અને તત્કાલીન પાક પ્રમુખ ઐયુબ ખાન અને ભારતના વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી વચ્ચે તાશ્કંદ કરાર થયા હતા જેમાં ભારતે પાકિસ્તાનનો જીતેલો પ્રદેશ પાછો આપી દેવો પડ્યો હતો. ઈતિહાસ કરવટ બદલી રહ્યો છે. પાકિસ્તાનને બગલબચ્ચું ગણી પંપાળતા રહેલા અમેરિકાને એના પિશાચી ચહેરાની ઓળખ થઈ ચૂકી છે. 'નાઈન ઈલેવન' આતંકવાદી હુમલા પાછળ પાકિસ્તાનમાં આશ્રય લેનાર અલકાયદા આતંકી સંગઠન હતું જેનો બદલો અમેરિકાએ પાક આર્મીની સુરક્ષામાં રહેતા ઓસામાને રાતોરાત ઉઠાવી લઈને વાળ્યો હતો. એ પછી પણ પાકિસ્તાન સુધર્યું નહીં. એણે તાલિબાન જેવા આતંકી સંગઠનોને તાલીમ આપી એટલું જ નહીં, એમને લશ્કરી મદદ કરીને અમેરિકાને ભોંઠપ ભરી સ્થિતિમાં મૂકી દીધું. અમેરિકાના કરોડો ડૉલર અને હજારો સૈનિકો ઉપરાંત વીસ વીસ વરસની જહેમત પાણીમાં ગઈ અને મુઠ્ઠીભર અભણ તાલિબાનોના હવાલે કરીને અફઘાનિસ્તાનમાંથી નીચી મૂંડીએ પલાયન થઈ જવું પડ્યું. પાકિસ્તાન અને ચીન માટે આ એમનો વ્યૂહાત્મક વિજય હતો. દેખીતી રીતે રાષ્ટ્રપ્રમુખ બાઈડન સામે ખુદ એમના જ દેશમાં નકારાત્મક અભિપ્રાય સરજાયો છે એવા સમયે 'ક્વાડ' દેશોની શિખર પરિષદમાં વડાપ્રધાન મોદીએ હાજરી આપીને બે મહાન લોકશાહી રાષ્ટ્રોની સમજણપૂર્વકની નિકટતાને નવો ઓપ આપ્યો છે. ચાઈનીઝ કોરોના સામેના સંઘર્ષમાં અમેરિકાએ ભારતને કાચો માલ ઉપલબ્ધ કરાવી 'આત્મનિર્ભર' બનવામાં મદદ કરી હતી. મોદીએ રસીકરણ મુદ્દે મળેલી એ મદદ બદલ ભારતીય મૂળનાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરીસનો આભાર માની એમને પોતાના પૂર્વજોની ભૂમિની મુલાકાત માટે નિમંત્રણ પણ પાઠવ્યું છે. તો વળી એમની આગવી આવડત મુજબ અગાઉના બે રાષ્ટ્રપ્રમુખો - બરાક ઓબામા અને ડોનાલ્ડ ટ્રમ્પની જેમ જો બાઈડન સાથે પણ આત્મીયતા દર્શાવતો અભિગમ અપનાવી એમની વિશિષ્ટ કાર્ય કુશળથાનો પરિચય આપ્યો છે. 'બાઈડન' અટકધારી પૂર્વજે મુંબઈમાં વસી જઈ ભારતીય મહિલા સાથે લગ્ન કરી દીધેલાં એવી અંગત વંશાવલીની વાત પણ બેઉ નેતાઓ વચ્ચે ખુલ્લા મનથી થઈ. ભવિષ્યમાં ભારત એન અમેરિકા વચ્ચે ગાઢ નિકળતા સરજાશે એવી આગાહી જો બાઈડને ઘણા વર્ષો પહેલાં કરી હતી તે સાચી પડી રહી છે. લુચ્ચું ચીન જયારે એના વિસ્તારવાદી અભિમગથી લઈ વ્યૂહાત્મક કૂટનીતિ દ્વારા વિશ્વની નંબર વન મહાસત્તા બનવા ધમપછાડા કરી રહ્યું છે અને પાકિસ્તાન એનો ખોળે બેસી ગયું છે તથા અફઘાનિસ્તાનમાં આતંકી તાલિબાન શાસન સ્થપાયું છે ત્યારે વિશ્વની બે મહાન લોકશાહીઓ નજીક આવે તે સમયની માંગ છે.

# રામાયણ, મહાભારત અને આપણું આ પાટનગર!



**આરપાર**
રાઘવજી માધડ

આ નગરમાં વસવાટ કર્યો ત્યારે એક પ્રતિષ્ઠિત પ્રકાશકે હળવી ટકોર કરતા કહ્યું હતુંઃ 'આ અધિ કારીઓથી ઉભરાતું નગર છે. એક-બે અધિકારીના જવા-આવવાની કોઈ ફરક નહીં પડે.પણ એક લેખક, સર્જ કના જવાથી સમાજને ઘણો ફરક પડે છે.' તેઓનું કહેવું હતું,આ વહીવટના જંગલમાં સર્જક ક્યાંક અટવાઈ ને તેમનું સર્જનકર્મ ખોઈ બેસે એવું બનવું ન જોઈએ. પણ મારા માટે તો કલમ અવિરત ચાલતી રહી છે.

વરસોના વસાવટ પછી સમજાયું છે કે,આ નગરતો કલા, સંસ્કૃતિ ને સાહિત્યનું નગર છે. તેમાં જેમને લખવું કે વિકસવું હોય તેમને વટ પાડતો વહીવટ ક્યાંય આડે આવતો નથી. અહીં અનેક સર્જકો વસે છે. તેમાં ખાસતો રામાયણ, મહાભારત જેવા મહાન ગ્રંથો પણ નિમિત બન્યા છે...આજે તેની વાત કહેવું છે.

આપણા વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટે રામાયણના વગોવાયેલા, વખોડાયેલા પાત્ર 'કૈકેયી' વિશે કથા આપી છે. જયારે મહારથી કર્ણ, શિખંડિની, વિકર્ણ... જેવી પુરાણપાત્રો આધારિત નવલકથાઓ સર્જનાર કલ્પેશ પટેલનું શિક્ષણ અને સાહિત્યજગતમાં જાણીતું નામ છે.ટૂંકી વાર્તા, નિબંધ, ચરિત્ર અને નવલકથા સાહિત્ય સ્વરૂપોમાં આ સર્જકે પચીસ જેટલા પુસ્તકો આપ્યા છે. પ્રાંતિજ પાસેના સોનાસણ ગામના વતની છે. સ્કૂલમાં આચાર્ય તરીકેની ફરજ બજાવે છે ને હાલ ગાંધીનગરમાં નિવાસ કરે છે.

'ઊર્ધ્વલોક' નવલકથા મહાભારતના અતિ મહત્વના પાત્ર યુધિષ્ઠિરની આત્મકથા છે.આપણે ત્યાં પૌરાણિક કથા-પાત્રો પર આગવા સંદર્ભો સાથે પ્રમાણમાં ઘણું લખાયું છે. પણ કોઈ પૌરાણિક પાત્રની આત્મ કથા લખાઈ હોય એવું લગભગ ઓછું બન્યું છે.આ કપરું ને સર્જનાત્મક કામ કલ્પેશભાઈએ પાર પાડ્યું છે.

આ કથામાં યુધિષ્ઠિર પોતાની વાત માંડે છે. પોતાના જીવનની વાત માંડે છે. જીવનના સંઘર્ષની વાત માંડે છે. પોતે પોતાના જીવનમાં કરેલી ભૂલોની વાત માંડે છે. પોતાની મર્યાદાઓને જીવનના ઉતરાર્ધ માં યાદ કરે છે. એક રીતે તો તેઓ ખુદના વહી ગયેલા અથવા વ્યતિત થયેલા જીવનની સમીક્ષા, અસામાન્ય છતાંય એક સામાન્ય જન તરીકે કરી રહ્યા હોય એવું આ કથામાં લાગે છે.

કલા ખાતર કલા એવું નહીં પણ જીવન માટે કલા...હોય ત્યારે દરેક કથાનો એક આશય,ઉદેશ્ય હોય છે. અહીં યુધિષ્ઠિર ને નિમિત બનાવી અંતે માનવમનના અતળને તાગવાનો પ્રયાસ છે. માનવમનની માંહે રહેલા વિરોધાભાસને એટલે કે contradictions ને નિરુપવાનો છે. કારણ કે માણસ સંપૂર્ણપણે સજ્જન હોતો નથી એમ સંપૂર્ણપણે દુર્જન પણ હોતો નથી.જે કાંઈ હોય છે તે સંજોગો નિર્મિત હોય છે.જયાં સુધી માણસને દુર્જન થવાનો મોકો અથવા પરિસ્થિતિ ન ઉભી થાય ત્યાં સુધીતો તે સજ્જન જ હોય છે. પણ મૂળમાં તે નર્યો નકરો, કોરી પાટી જેવો માટીનો મનેખ હોય છે.એ વાત યુધિષ્ઠિરના પાત્ર દ્વારા, સાહિત્ય-ગુણવત્તાની શરતે યથાયોગ્ય રીતે શબ્દસ્થ કરી છે. આ કથામાં યુધિષ્ઠિર કોમનમેન, સામાન્ય મનુષ્યનું પ્રતિક છે. યુધિષ્ઠિર એકબાજુ મહાન ધર્મજ્ઞ, શાસ્ત્રજ્ઞ છે.તો બીજી બાજુ તેઓ પોતાની પત્નીને જુગારમાં મૂકી શકે એવા અઠંગ જુગારી, ખેલાડી પણ છે.યુધિષ્ઠિરના પાત્રમાં ન ટાળી,વાળી કે ખાળી શકાય એવા વળાંક, ચઢાવ-ઉતાર પણ છે. સુખ-દુઃખ છે. પરસ્પર વિરોધાભાસ ને ભાવ છે. રાજા બને છે, રંક બને છે... ને રંક પછી રાજા પણ બને છે. તેમાં વળી ક્યારેક વનવાસી તો ક્યારેક નગરવાસી પણ બને છે ! આમ છતાં યુધિષ્ઠિરનો પ્રયાસ ઊર્ધ્વ લોકની પ્રાપ્તિનો છે. એટલે કે સ્વર્ગલોક માટે મથતા મૃત્યુલોકના માનવી છે.

લેખકને અહીં કોરોનાકાળ, અવકાશ મળ્યો તે ફળ્યો હોય એવું લાગે છે. દિવસો સુધી સતત આ કથા-સર્જનમાં જ રમમાણ, રચ્યાપચ્યા રહ્યા છે.સર્જન એટલે એકવાર જાતને ઓગાળી,એકાકાર થઈ ફરીથી ઘડાવાનું, સર્જાવાનું હોય છે. સર્જન એ જીવન અને જગતની મોટી ઉપલબ્ધિ છે !

આ કથા આશરે પોણા પાંચસો પૃષ્ઠોમાં પથરાયેલી છે. જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સાથે સાથે તત્ત્વજ્ઞાન, નીતિ અને જીવન વ્યવહાર સમેત માનવીય મૂલ્યોની વાત નિસબત સાથે લેખકે કરી છે.

**છેલ્લે :**

**વ્યક્તિનો પડછાયો, વ્યક્તિ કરતા લાંબો થવા લાગે ત્યારે સમજવું કે વ્યક્તિનો સૂર્ય હવે અસ્ત થવામાં છે !**
('મહાભારત' શ્રેણીનો એક સંવાદ)

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# ૨૧મી સદીમાંય ગ્રામસંસ્કાર અને સંસ્કૃતિ હજી જીવે છે



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

હમણા હમણા બિઝનેસ મિટિંગના સંદર્ભે ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગર આસપાસના ગામડાંઓમાં ફરવાનું બની રહ્યું છે. ખાસ કરીને ચૌધરી અને ઠાકોર સમાજના પરિવારોમાં... આજે લગભગ શહેરોના દરેક ટેનામેન્ટ્સ કે ફ્લેટોના ઘરમાંથી અભેરાઈઓ ગાયબ થઈ ગઈ છે ત્યારે આ ગામડાઓમાં હજીયે પાકા ઘરોમાં પણ અભેરાઈઓ અને તેમાં કાસાના, ત્રામ્બાના ઘડા, માટલીઓ, તપેલા, લોટા, કળસિયા, બરણીઓ, છાલિયા, તાસળાં જેવાં વાસણો એકદમ સાફસૂથરા જોવા મળ્યા તેનો આનંદ થયો, અહીંના લોકો આજે પણ લાગણીશીલ છે, ગામમાં કોઈ અજાણી વ્યક્તિ આવે તો પણ ભાવથી સ્વાગત કરે છે, મારી કંપનીના યુવા ડાયરેક્ટર રાહુલ ચૌધરીના ઘેર રાત્રી રોકાણ થયું તો સવારના પહોરમાં ઊઠીને રાહુલના મમ્મી શાંતાબહેને ગરમ રોટલા બનાવીને ગાયના તાજા દૂધનો નાસ્તો અને બપોરે ભોજનમાં ચોખ્ખા ઘીનો ગરમા ગરમ શીરો, શાક, છાસ અને પીળા રંગની રોટલી....પીરસી તો હું અંચભામાં જ પડી ગયો. જી હા, પીળા રંગની...મતલબ.... હળદર નાખેલી રોટલી... મેં મારી આટલી જિંદગીમાં હળદરવાળી રોટલી વિશે સાંભળ્યું નહોતું અને અહીંયા એ પહેલી વાર જમ્યો. કોરોનાકાળમાં આખી દુનિયાને ખ્યાલ આવી ગયો છે કે આપણી હળદરમાં કેટલા બધા ઔષધિય ગૂણો છે. આપણે આજ સુધી હળદરવાળા ગરમદૂધ વિશે જ જાણતા હતા. પણ રોટલીમાં હળદર નાખીને સંતાનોના સ્વાસ્થ્યની દેખરેખ રાખનાર મા શાંતાબેનના માતૃત્વની આજે સમજણ પડી.

અગાઉના સપ્તાહે જ્યારે પહેલી મિટિંગમાં આ વિસ્તારોમાં ગયો ત્યારે પણ એક અદભુત વ્યક્તિત્વને મળવાનો લ્હાવો મળ્યો હતો. વડનગરની બાજુમાં "ગુંજા" નામનું નાનું એવું ગામ, રાજશ્રી પ્રોડક્શનની જુની ફિલ્મ "नदिया के पार"ની નાયિકાનું નામ યાદ આવી જાય – ગુંજા. આ ગામમાં રાહુલની સાસરી (સૌરાષ્ટ્રમાં સાસરું). એટલે સાહજિક છે કે ઘેર જવાનું બને, અમે ઘેર ગયા તો થોડીવારમાં લગભગ ૮૨ વર્ષનો એક જૂવાન અમારી સામે આવ્યો. માથે એકદમ શ્વેત રજવાડી પાઘડી, આંખોમાં દુનિયાભરના અનુભવોની ચમક, મૂછોના વળમાં સમાજ સાથેના અનેક કડવા મીઠ્ઠા પ્રસંગોમાં દાખવેલી કરડાકીની સાફ ઝલક, સમગ્ર ચહેરા ઉપર પથરાયેલી કરચલીઓમાં પણ સંસારના કડવા સત્યોને પચાવ્યાનું તેજ મને મોહિત કરી ગયું. આજથી પંચાવન-સાઈઠ વર્ષ પહેલા સરકારના માહિતીખાતાની ઓફિસ અમદાવાદ ગુલબાઈ ટેકરા ઉપર હતી ત્યારે આ માહિતીખાતામાં તેઓએ પ્રૂફરીડર તરીકે થોડો સમય સેવાઓ આપેલી. પણ સરકારી સિસ્ટમ અને પોતાના સિદ્ધાંતોનો તાલમેલ લાંબો સમય ના ચાલ્યો. તેથી આ કામગીરી છોડી દીધેલી. કરોડરજ્જુ એકદમ સીધી રાખીને મારી સામે બેઠેલા આ ૮૨ વર્ષના યુવાનની વાતો જો એકાદ સપ્તાહ સાંભળીને શીખી લઈએ, જીવનમાં ઉતારી લઈએ તો દુનિયાની કોઈ યુનિવર્સિટીમાં શિક્ષણ લેવાની જરૂર ના પડે. સંસારના સત્ય અસત્યોના શાશ્વત જ્ઞાનથી સભર હરતી ફરતી યુનિવર્સિટી જાણે જોઈ લો. હું, રાહુલ ને મિત્ર સંજય પટેલ પચાસથી ત્રીસ વર્ષ એમનાથી ઉંમરમાં નાના હોવા છતાંય અમે સૌ કરોડરજ્જુ વાળીને બેઠા હતા. અને તેઓ ટટ્ટાર. એમના વ્યક્તિત્વમાં જ ખૂમારી ઝળહળતી હતી. એમનું નામ હતું ખૂમજીભાઈ ચૌધરી. જેઓ સંબંધમાં રાહુલના મોટા સસરા થાય. ઘણીબધી વાતો કરી ત્યારે મને આપણી સામાજિક અને સરકારી સિસ્ટમ ઉપર ગુસ્સો આવ્યો કે આવી



વ્યક્તિઓ કોઈ મોટી યુનિવર્સિટીઓમાં કે સંસ્થાનોમાં કે સરકારી વિભાગોમાં ઉચ્ચ પદે હોવી જોઈએ. તેમનું સામાજિક અને વ્યવહારી જ્ઞાન આજની ૨૧મી સદીમાં પણ એક કદમ આગળ હતું. અને આપણું ગુગલીજ્ઞાન એમના જ્ઞાનથી સો કદમ પાછળ હતું. જૂનવાણી, ગ્રામીણ અને આધૂનિક સમાજની તાસીરની ઓળખ અને સચોટ નિરીક્ષણો ભલભલા જ્ઞાનીઓને શરમાવે એવા વાસ્તવલક્ષી હતા. પોતે આજીવન બ્રહ્મચારી રહેલા. કેમ કે આ ચૌધરીસમાજમાં "બદલાની પ્રથા" હોવાથી તેમના પરિવારમાં બે ભાઈઓ હતા ને બદલો એક હતો. તેથી પોતે મોટા હોવા છતાંય બદલો નાના ભાઈને આપીને નાના ભાઈના લગ્ન કરાવ્યા અને પોતે આખું જીવન અપરિણિત રહીને શાળાનું શિક્ષણ નહીં પણ સામાજિક વ્યવહારિક રીતે શિક્ષિત થઈને નાના ભાઈના સંતાનોને પણ સંસ્કાર આપીને શિક્ષિત કર્યા. અમારી વાતચીત પુરી થઈ અને જવા ઊભા થયા તો ઘરમાં જઈને તેઓ બે શાલ લઈને આવ્યા. અને પ્રેમથી મારું અને મિત્ર સંજય પટેલનું શાલ ઓઢાડીને સન્માન કર્યું. અને પાછું વિનમ્રતાથી બોલ્યા કે આજે તમારી પાસેથી ઘણું જાણવા મળ્યું. પણ ખરેખર તો હું તેમની પાસેથી ઘણું બધું શીખીને જઈ રહ્યો હતો. આ ખૂમજીભાઈને કોરોના પણ થયેલો, ફેફસામાં સીતેર ટકા જેટલું ઈન્ફેક્શન થઈ ગયેલું, પરંતુ એમનો આત્મવિશ્વાસ અને ગામની અને ખેતરની શ્વસેલી શુદ્ધ હવાને કારણે તેઓ સાજા થઈ ગયા અને આજે ફરીથી એજ સ્વાસ્થ્ય સાથે તેઓ પરિવારની, વાડીની અને ગાય ભેંસોની સાર સંભાળ રાખે છે. સમયના એકદમ પાક્કા એવા આ ખૂમજીભાઈ સાંજે છથી સવારના છ સુધી એમની વાડીમાં ખાટલો ઢાળીને અડિખમ યોદ્ધા જેવા બેઠેલા તમને જોવા મળે. સાંજે રાહુલ એમની વાડીએ લઈ ગયો તો યુવાન દાદા ખૂમજીભાઈ ચૌધરી વાડીએ ખાટલો ઢાળીને બેઠેલા. ભેંસનું તાજુ દોહ્યેલું દુધ તાસળું ભરીને (લગભગ દોઢેક શેર) મને આપ્યું. અને હું તો એકશ્વાસે ગટગટાવી ગયો. પછી ખબર પડી કે ભેંસનું તાજુ દૂધ પચાવવું બહું અઘરું હોય છે. અને આટલું ઝડપથી ના પિવાય. અને પછી પેટમાં ધીમે ધીમે ઝણઝણાટી શરું પણ થઈ. લગભગ અડધોએક કલાક મારા પેટમાં ગોઠવાયેલી સિસ્ટમ અને આ ભેંસના તાજા દૂધ વચ્ચે રકજક ચાલી અને અંતે મારા મન અને અંદરની સિસ્ટમ ઉપર મારો કબજો હોવાથી કશું થયું નહી. સૌ સારા વાના થયા. આ ખૂમજીભાઈ ચૌધરીની વાડીમાં કૂવો અને કૂવાની દીવાલ પર ઉગેલી વૃક્ષોની ડાળખીએ લટકેલા સૂઘરીના અનેક માળા જીવનની સમસ્યાઓ સામે લડવાની પ્રેરણા દેતા હતા. અહીંની ચોખ્ખી હવા શ્વાસમાં જઈને ફેફસાઓને શુદ્ધ કરતી હતી.

"ગુંજા" ગામનું આ માનવીય ગૂંજન મન અને શ્વાસમાં ભરીને અમે રાજપુર ગયા. ગામની બહાર એક અદભુત વાડીમાં સુંદર મજાનું એ.સી.વાળું ઘર. ત્યા અમારી બિઝનેસ મિટિંગ. કપિલ અને ડાહ્યાકાકા યજમાન. અહીં બે મિટિંગો થઈ. પહેલી વાર દસેક મિત્રો અને બીજી વાર ત્રીસેક મિત્રો હતા. જે જે મિત્રો જોડાયા તે સૌનો એક જ સૂર હતો કે અમારો 'કપિલલ્ર છે એટલે અમારે એને સાથ આપવાનો જ હોય. આજે શહેરી જીવન જીવતા સાવ નજીકન સગાસંબંધીઓ પણ એકબીજાને સાથ નથી આપતા ત્યારે આ ગામડાના ગણાતા લોકોનો આપસી વિશ્વાસ શહેરીજનોએ શીખવા જેવો છે. વળી કપિલના ઘરનાએ પણ રાત્રે અગિયાર વાગ્યે ત્રીસ વ્યક્તિઓ માટે બટેટા પૌઆનો નાસ્તો બનાવીને સૌને ખૂશ કર્યા હતા. શહેરી ઘરોમાં આવું થઈ શકે ખરું ? અહીં બાજુના ગામમાંથી એક શિક્ષક જશુભાઈ ચૌધરી ખાસ મને મળવા આવ્યા. એમની સાથે એમનો બારેક વર્ષનો દીકરો. નામ અભ્યાસ પૂછીને મેં પૂછ્યું કે તારા જીવનનું સપનું શું છે ? તો તરત જ કહે કે " ડી.એસ.પી." બનવાનું. એક બાર વર્ષના બાળકને એના જીવનનો ગૉલ છે અને આજે મોટાભાગના યુવાનો કોઈપણ દિશા કે ગૉલ વિના મોબાઈલમાં ઈન્ટરનેટની ગંદી ધારાવીમાં પોતાના જીવનનો અમૂલ્ય સમય બરબાદ કર્યા કરે છે. જેની સમક્ષ જીવનનો કોઈ ગૉલ નથી, ધ્યેય નથી તેઓ માત્ર જીવન જીવી રહ્યા છે. જેવી રીતે પશુપક્ષી જીવી રહ્યા છે. એમને ખબર નથી કે આ આખી પેઢી તેમની આવતી આખી પેઢીને બરબાદ કરી રહી છે. આ જશુભાઈએ બીજી એક ચોકાવનારી વાત કહી કે સાહેબ, મારો મોટો દીકરો માત્ર પંદર વર્ષનો છે. એના જીવનનો ગૉલ 'દેશના વડાપ્રધાન બનવાનોલ્ર છે. હવે એ દીકરાને એ પણ ખબર નથી કે વડાપ્રધાન કેમ બનાય ? પણ જીવનનો ગૉલ રાખીને એ અભ્યાસ કરી રહ્યો છે. મેં પણ કહ્યું કે એ ગૉલથી એને દૂર ના કરતા. જો સાચી શ્રદ્ધા અને આત્મવિશ્વાસ હશે તો હશે તો સમગ્ર પ્રકૃત્તિ એવા સમય અને સંજોગોનું નિર્માણ કરશે જ. આ જશુભાઈ વરસતા વરસાદમાં રાત્રે પણ અમને ભાવથી એમના ઘેર લઈ ગયા. એમના જમવાના અતિ આગ્રહને અમે વિનમ્રતા પૂર્વક પેન્ડિંગ રાખીને ગરમ દૂધ પીધું. અને ફરી અહીં જશુંભાઈએ મારું શાલ ઓઢાડીને સન્માન કર્યુ. અને કહ્યું સાહેબ, આપણે સાથે કામ કરીશું. આ વિસ્તારની હજી તો બે જ મૂલાકાતો થઈ છે પણ મને ખૂબ જ ઉત્સાહી, ઊર્જાથી ભરેલ જિગ્નેશ (જીગો), રામ લક્ષ્મણ જેવા બે ભાઈઓ કપિલ અને વિપુલ, સૌમ્ય અને સરળ એમના પિતા ડાહ્યાકાકા, શિક્ષક અશોકભાઈ, જગદીશભાઈ જેવા મિત્રો મળ્યા છે. તો વળી રાહુલના કાકા અને ખેરાલુ તાલુકાના નવ વર્ષ ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી માનસિંહભાઈ ચૌધરીની વાડીમાં એમના ખાટલામાં બેસીને એમના જ હાથે બનાવેલી "ચા" પીવાનો લ્હાવો પણ મળ્યો છે. એ ચામાં ભળેલી ધરતીની મીઠાસ અને વૃક્ષોની લીલાશ આજે પણ મને અનુભવાય છે.

આપણે શહેરી સંસ્કૃતિમાં ૨૧મી સદીમાં અતિઆધૂનિક હોવાનો ખોટો આનંદ લઈ શકીએ છીએ પણ આપણને એ ખબર જ નથી કે આપણે આપણી કેટલી મોટી વિરાસત ગુમાવી દીધી છે. સંસ્કાર, સત્કાર, સન્માન, વિશ્વાસ, શ્રદ્ધા, આદર આ બધુ ગામડાઓમાં હજીયે જીવે છે. અને શહેરોમાં જીવે છે માત્ર શોર બકોર અને સન્નાટો,

9426060601.india@gmail.com

# પ્રતીક્ષા સૂર્યની કયાં લગ કરીશું આ તમસ નગરે ? મળ્યું છે આગિયાનું આયખું તો ઝળહળી જઈએ

**અભિવ્યક્તિ**
સંકલન : પ્રતાપસિંહ ડાભી

**પ્રતીક્ષા સૂર્યની કયાં લગ કરીશું આ તમસ નગરે ?**
**મળ્યું છે આગિયાનું આયખું તો ઝળહળી જઈએ**
**- ભગવતીકુમાર શર્મા**

મનુષ્યનું આ ધરા પર રૂદન સાથેનું અવતરણ જ જાણે જિંદગીભર એને હાસ્યની તલાશમાં વ્યસ્ત રાખે છે! આદિમાનવ અવસ્થામાં નિબંધ વિહાર કરતા માનવને કુદરતના કેટલાક ભયાવહ સજીવોનો જ ભય રહેતો હતો પરંતુ માનવસભ્યતા અને સંસ્કૃતિના ઉન્મેષના અવનવા મુકામો પાર કરતો, આજે એ સજીવો પર તો વિજય પ્રાપ્ત કરી શકયો છે પરંતુ સભ્યતા સાથે જોડાયેલી સામાજિકતાને પ્રતાપે બીજી કેટલીયે પરાધીનતા-પરવશતાનો ગુલામ બની ગયો છે. જીવન જાણે કે સંગ્રામ બની ગયું છે! વ્યવસ્થા ને તંત્રના નામે અવ્યવસ્થા ને અરાજકતા, સામાજિક વ્યવહારોને નામે દંભના મુખોટા ચઢાવીને ફરતા ,બની બેઠેલા આગેવાનો સાથેની અથડામણો; ધર્મના સ્થાનકોને કહેવાતા સંરક્ષકોએ બાનમાં લઈને ઊભી કરેલી ભ્રમજાળ, સત્યને સળગાવી દેવા સર્જાયેલી હોળીઓની હારમાળા, જુઠનું અવિરત અને બેબાક બઘડાટી બોલાવતું અટ્ટહાસ્ય, રોશનીના દેખાતા ઝગમગાટોની પછવાડે આખી માણસ જાતને ભરડામાં લેવા અધીર અંધકાર યાદી લંબાવવા જઈશું તો એટલી ઘોર નિરાશા ઘેરી વળશે ને એના વરવા આગોશમાં જકડી લેશે કે આપણી વાત થંભી જશે !

કયારેક સવાલ થાય કે માણસ જાતને ઈશ્વરે બાવડાંનું બળ આપ્યું છે ને કાંડાની કળ આપી છે; મજબુત ખોપરીમાં સુપેરે સાચવીને કોમ્પ્યુટરને મ્હાત કરે એવું દિમાગ ને લોહીની પળેપળની આવન જાવનમાં ધબકતું હઠીલું હૃદય, આપ્યાં છે તો પછી આ તમસનો અંધકારનો દબદબો શાને ? કદાચ આપણે ગીતાના સાતસો શ્લોકમાંથી આ એક શ્લોક પર જ જીવનનો મદાર બાંધીને બેઠા છીએ એવું તો નથીને? 'યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત, અભ્યસ્થાનમ્ અધર્મસ્ય તદાત્માનમ્ સુજામ્યહમ્' હા ! કદાચ એમ જ છે. મૂળે વ્યક્તિપૂજક માનસિકતા ધરાવતો સમાજ છીએ આપણે ભારતીયો. દુઃખ, દારિદ્રય, પીડા-યાતના, અત્યાચાર, અન્યાય આ બધું તો આપણે મન કર્મના સિધ્ધાંતનો એક ભાગ છે અને વળી એના નિવારણ માટે કોઈ મસીહા, કોઈ રોબિનહુડ, કોઈ કૃષ્ણના આવવાની રાહ જોનારા છીએ આપણે ! અંધકારના સામ્રાજયને હટાવવા આપણે સ્વયં કે આખો સમાજ સંગઠિત થઈને કંઈક કરી શકે એની આપણને જાણ પણ નથી. આપણને તો કહેવામાં આવ્યું છે કે આ રાતનો અંધકાર ચાલ્યો જશે ને એક નવી સવાર ઊગશે. કુદરતનો સૂર્ય તો નિહારિકાના ગોઠવાયેલા તંત્રના ભાગરૂપે ઊગશે પણ સમાજજીવનના અંધકારને ભગાડવા માટે મસીહાની રાહ કયાં સુધી જોઈશું?

કવિ યાદ અપાવે છે આપણને આપણામાંના પ્રત્યેકમાં પડેલી પેલી આગિયા જેવી શક્તિની! એક આગિયો પણ એની તાકાત જેટલું તેજ તો ઝળહળાવી જ શકે પણ એક સાથે લાખો-કરોડો આગિયા ઝળહળાટ કરવાનું નક્કી કરે તો અંધકાર ઉચાળા ભરવા મજબુર થઈ જાય એ કંઈ કહેવાની જરૂર છે?

આ શેરના રચયિતા કવિ ભગવતીકુમાર શર્મા સુરતથી પ્રકાશિત થતા પ્રસિધ્ધ અખબાર ગુજરાત મિત્ર' ના તંત્રી તરીકે એક તરફ પત્રકારત્વ જેવા શુષ્ક વ્યવસાયમાં પણ ભીતરની ભીનાશને અકબંધ રાખીને ગઝલસર્જન કરતા હતા. ગુજરાતી ગઝલને મેઈન સ્ટ્રીમ પોએટ્રીમાં સ્થાન અપાવનાર આદિલ-ચિનુ મોદી - મનોજ ખંડેરિયા - રાજેન્દ્ર શુકલ ઉપરાંત જે નામો ગણાવાય છે તેમાં કવિ ભગવતીકુમારને પણ યાદ કરવા પડે એવું તેઓનું પ્રદાન છે.

**પડઘા :**

કવિ ભગવતીકુમાર શર્માના સુરતને અડીને આવેલા નવસારીના કવયિત્રી કાજલ કાંજિયા, કવિ ભગવતીકુમારની વાતમાં આમ સૂર પૂરાવે છે :

**જે જીતવાનાં એની કને તાસ રાખે છે,**
**એ હારવાનો કયાં કંઈ અવકાશ રાખે છે;**
**અસ્તિત્વ કંઈ નહીં રહે સાગર એ જાણે છે,**
**તેથી નદીની સંગ એ સહવાસ રાખે છે.**